જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦   ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૯/૨૦૧૬ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૭૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી ૨૧૪ લીટર દેશી દારૂ અને ૧ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૭૨/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧૪ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ખુનની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૬૭૩/૧૬

**ઇસનપુરઃ** અબ્દુલહનીફ અબ્દુલઅજીજ શેખ (ઉ.વ.૩૪) (રહે. ખાનપુર દરવાજાની અંદર, મરીયમ બીબીની ચાલીના છેડા ઉપર,ખાનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૯/૧૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ચંડોળા પેટ્રોલપંપ સામે આવેલ ચંડોળા પાળના છાપરા ખાતે આરોપી (૧) ઇમરાન બાબુભાઇ શેખ (રહે.ચંડોળા પેટ્રોલપંપ સામે આવેલ છાપરામા,ચંડોળા, શાહઆલમ) (૨) બશીરએહમદ વાહીદએહમદ શેખ (રહે.નવાબનગરના છાપરા, ચંડોળા, શાહઆલમ) એ ભેગા મળી અગાઉ થયેલ ઝગડાની અદાવત રાખી અબ્દુલહનીફ શેખના ભાઇ અબ્દુલહશન અબ્દુલઅજીજ શેખ (ઉ.વ.૩૨) ને છરીના ઘા મારી ગંભીર ઈજાઓ કરી મ્રુત્યુ નિપજાવ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.પંડ્યા ચલાવે છે.

ઉપરોક્ત ગુનાના કામે ઈસનપુર પોલીસે બન્ને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**કાગડાપીઠઃ** દિનેશભાઇ સોમાભાઇ મકવાણા (ઉ.વ.૨૮) (રહે.રામાપીરની ચાલી ખોડીયારનગર બહેરામપુરા) એ તા.૧૨/૯/૧૬ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે લાલાભાઇ સોમાભાઇ મકવાણા (ઉ.વ.૩૫) (રહે.હનુમાનવાળી ચાલી, પંડીત નેહરૂ સ્કુલની સામે, બહેરામપુરા) મજુરી કામ ન કરતા હોઈ પૈસા બાબતે તેમની પત્ની મંજુબહેને ઠપકો આપતા લાલાભાઈ ઉશ્કેરાઈ જઈ તેની પત્નીને માર માર્યો હતો જે મંજુબહેને સહન ન થતા મનમાં લાગી આવતા લાલાભાઈ નશો કરેલ હાલતમાં હતા ત્યારે મંજુબહેને તા.૮/૯/૧૬ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે ઇલેક્ટ્રીક મોટરના વાયર વડે લાલાભાઈના ગળે ટુપો નાખી તેમજ માથાના ભાગે દસ્તો મારી ઇજા કરી મોત નિપજાવ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એમ.દેસાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૪/૧૬**

**શહેરકોટડાઃ** લતાબહેન જયેન્દ્રભાઇ પટણી (ઉ.વ.૪૬) (રહે. મોટી સાળવીવાડ સ્વામીનારાયણ મંદિર પાસે સરસપુર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૯/૧૬ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર દર્શિલ (ઉ.વ.૧૪) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ એમ ચૌધરી ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૫/૧૬**

**ચાંદખેડાઃ** સુષ્માબહેન દિનેશભાઈ નીંભલ (ઉ.વ.૨૭) (રહે. ધરતી ક્રિષ્ટલ આઈ.ઓ.સી ત્રાગડ રોડ ચાંદખેડા) એ તા.૧૨/૯/૧૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૯/૧૬ કલાક ૧૨/૪૫ વાગ્યાના સુમારે સુષ્માબહેનના ઘરે બે પુરૂષો મોટર સાયકલ ઉપર આવ્યા હતા, અને તાંબા પિત્તળના વાસણો ચમકાવી આપવાની વાત કરી સોનાના દાગીના પણ ચમકાવી આપવાની વાત કરતા સુષ્માબહેનને સોનાનો દોરો ચમકાવવા ગરમ પાણીમાં હળદર નાખી ઉકાળવાનું કહી નજર ચુકવી સોનાનો દોરો કિમત રૂપિયા ૧૬,૦૦૦/- લઈ જઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૬/૧૬**

**સેટેલાઇટઃ** સુધાશુ સુરેશભાઇ પટેલ (રહે.મદનમોહન બંગ્લોઝ ગવમેન્ટ ટયુબવેલના ખાચામા બોપલ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૯/૧૬ સાંજના ૭/૦૦ થી તા.૧૨/૯/૧૬ સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સુધાંશુ પટેલના કાકા સતીષભાઇ રમણભાઇ પટેલના સેટેલાઇટ રામદેવનગર સુમેરૂ બંગ્લોઝની બાજુમા હઠીસિહ પાર્ક ખાતે આવેલ બંગ્લા નંબર ૧૬ ના રસોડાના દરવાજાનુ પાટીયુ તોડી લોખંડના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી ચાંદીના સિક્કા, સોનાના દાગીના મળી કુલ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એમ બી ઝાલા ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૭/૧૬**

**નરોડાઃ** મોહનભાઇ વિશ્વભદ્દ વિશ્વકર્મા (ઉ.વ.પર) (રહે.કરૂણેશ એપાર્ટમેન્ટ સુતરના કારખાના નરોડા) તા.૮/૯/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે નરોડા ગેલેક્ષી સિનેમા સામે જૈન દેરાસર પાસે પોતાની દુકાને ગેસ વેલ્ડીગનુ કામ કરતા હતા તે વખતે પાઇપ ફાટતા આગ લાગતા શરીરે દાઝી જતા સારવાર માટે સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યા સારવાર દરમ્યાન તા.૧૨/૯/૧૬ કલાક ૧૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભીખાભાઈ જીવાભાઈ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**લાશ મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૬૭૮/૧૬**

**રિવરફ્રન્ટ ઈસ્ટઃ** તા.૧૨/૯/૧૬ રાતના ૯/૨૦ વાગ્યાના સુમારે રિવરફ્રન્ટ ગાર્ડનથી પાછળ વોક-વે પર ઘાટ નં-૫ પાસેથી હિતેશ ભરતભાઈ બોડાણા (ઉ.વ.૨૧) (રહે. આલમપુરાની ચાલી મહેદીકુવા શાહપુર દરવાજા બહાર) મરણ ગયેલ હાલતમા મળી આવતા રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી રમણભાઈ ગણપતભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)